ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે **SCW-12**, વહીવટી ગ્રાંટ માટે **SCW-15** હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળાની રકમ નિગમને ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : **SJED/GSK/e-file/17/2023/2121/G**

સચિવાલય, ગાંધીનગર

તા./**02/2025**

વંચાણમાં લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક:**SJED/CIE/e-file/17/2023/3353/B**

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૨/૦૯/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: **SJED/GSK/e-file/17/2023/2121/G**

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૭/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક :અજાક/મ-૧/૨૧૨-૨૧૪/૨૦૨૫

આમુખ:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની **SCW-12** સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન હેઠળ રૂ.૨૨.૦૦ કરોડ તથા**SCW-15** વહીવટી ગ્રાંટ હેઠળ રૂ.૨.૫૪ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૧૨/૦૯/૨૦૨૪ના ઠરાવથી વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રથમ અને બીજા ત્રિમાસિક માટે **SCW-12** તથા **SCW-15** હેઠળ કુલ રૂ.૧૨.૨૭ કરોડ ની ગ્રાંટ નિગમના હવાલે મુકવા મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૧૭/૦૧/૨૦૨૫ ના પત્રથી બજેટ જોગવાઈ મુજબ બાકીના બે ત્રિમાસિક ગાળાની કુલ રૂ.૧૨.૨૬ કરોડની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બાકીના બે ત્રિમાસિક ગાળા માટે **SCW-12** સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન હેઠળ રૂ.૧૧.૦૦ કરોડ તથા **SCW-15** વહીવટી ગ્રાંટ હેઠળ રૂ.૧.૨૬ કરોડની રકમ એમ કુલ રૂ.૧૨.૨૬ કરોડની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને ફાળવવા વહીવટી મંજૂરી આપવામાં આવે છે. ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો:

(૧) વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાંટ છૂટી કરવાની દરખાસ્ત સાથે જે તે માસના અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે.

(૬) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના વર્ષ ૨૦૧૮-૧૯ તથા ત્યારબાદના હિસાબો પડતર હોઈ નાણાકીય અનિયમિતતા નિવારવા આ અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી ક્રમાંક : ૯૫, ૨૨૨૫-૦૧-૧૦૨-૦૨**SCW 12** અને માંગણી ક્રમાંક :૯૫, ૨૨૨૫-૦૧-૧૯૦-૦૨-**SCW 15** હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭/૦૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

( સંતોષ વસાવા )

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2025.02.19 18:13:12 +5:30*



Open the document in Adobe Acrobat DC to verify the E-sign